| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૧/૦૨/૨૦૨૦ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૭૭/૨૦૨૦**

## નજર ચુકવી દાગીના, રોકડ રકમ તથા કિમતી સામાનની ચોરીઓના આરોપીની અટકાયતની વિગતઃ

**ક્રાઈમ બ્રાન્ચઃ-**

**ઓટોરિક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી દાગીના, રોકડ રકમ તથા કિંમતી સામાનની ચોરીઓ તથા ભીડભાડવાળી જગ્યાએ પીક પોકેટીંગ કરતી રાજુલાની ગેંગના ૨ સાગરીતોને સોનાના દાગીના પાટલા નંગ-૬, મંગળસુત્ર-૧, શીશ ફુલ-૧, વીંટી નંગ-3, રોકડ રૂ.૫૦,૦૦૦/- તથા ઓટો રીક્ષા મળી કુલ રૂ. ૭,૫૨,૮૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ૧૫ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ**

અમદાવાદ શહેર વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ઓટો રિક્ષામાં એકલ દોકલ પેસેન્જરોને બેસાડી તેઓની નજર ચુકવી સોનાના દાગીના, કિંમતી માલસામાન તથા રોકડ રકમની ચોરીઓ થવાના બનાવો બનતા હોય અને આવા ગુના કરનાર ઈસમો શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઓટોરિક્ષામાં ફરી ગુના આચરતા હોય આવા પ્રકારની ચોરીઓનો ઉપદ્રવ વધી ગયેલ હોય આ ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજયકુમાર તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી તથા ઓટોરિક્ષા પેસેન્જર લુંટ સ્કોડના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી. ગુર્જર નાઓએ આ દિશામાં પ્રયત્નો હાથ ધરેલ અને છેલ્લા ઘણા સમયથી શહેર વિસ્તારમાં આવા પ્રકારના બનેલ બનાવો અંગે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરતાં અમદાવાદ શહેર બહારની કોઈ ગેંગ કાર્યરત હોવાનું જણાઈ આવતાં તે દિશામાં પ્રયત્નશીલ હતા.

આ દરમ્યાન સ્કોડના હે.કો. કૃષ્ણકાંત તેરસિંહ તથા હે.કો.ઇમ્તીયાઝઅલી ઉમરાવઅલી નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નરોડા પાટીયા ખાતે વોચ ગોઠવી એક સી.એન.જી.ઓટોરિક્ષા નંબર GJ-01-DX-1005 માં બે ઇસમો (૧) સન્ની સ/ઓ રવજીભાઈ ભીખાજી ઠાકોર ઉ.વ.૨૧ રહે. મુસ્લિમ મહોલ્લો, ગ્રામ પંચાયત પાછળ, નરોડા ગામ, નરોડા, અમદાવાદ શહેર મુ.ગામ બામરોલી, તા.કડી, જિ. મહેસાણા તથા (૨) મહેશ ઉર્ફે મીત સ/ઓ મધુભાઈ ભીખાભાઈ સોલંકી (દેવીપુજક) ઉ.વ.૨૫ રહે. ગામ ઝાંપોદર, વાઘરીવાસ, તા. રાજુલા, જિ.અમરેલી નાઓને ચોરી કરેલ સોનાના દાગીના જેમાં પાટલા નંગ-૬, મંગળસુત્ર-૧, શીશ ફુલ નંગ-૧, વીંટી નંગ-૩ કિં.રૂ.૬,૩૨,૮૦૦/- ની મત્તાના તથા રોકડ રુપિયા ૫૦,૦૦૦/- તથા ગુન્હાઓમાં વપરાયેલ C.N.G. ઓટોરિક્ષા કિં.રૂ.૭૦,૦૦૦/- ની મત્તાની મળી કુલ કિં.રૂ. ૭,૫૨,૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ છે.

## આરોપીઓનો પુર્વ ગુનાહીત ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૨) મહેશ ઉર્ફે મીત સોલંકી (દેવીપુજક) ત્રણેક વર્ષ અગાઉ રાજુલા પોલીસ સ્ટેશનમાં પાકીટ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે તથા અઢી વર્ષ અગાઉ પાલનપુર શહેર પોલીસ સ્ટેશનમાં અકસ્માતના ગુનામાં પકડાયેલ છે અને સને ૨૦૧૮ માં અડાલજ પોલીસ સ્ટેશનમાં રોકડા રુપિયા ૬૦,૦૦૦/- તથા મોબાઈલ ફોનની ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

## અમદાવાદ શહેર, અડાલજ, કડી, પાલનપુર, ડીસા વિગેરેના કુલ-૧૫ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલાયો

પકડાયેલ બંને ઇસમોની પુછપરછ કરતાં તેઓએ અમદાવાદ શહેર, પાલનપુર તથા ડીસા વિગેરે શહેરોમાં આ પ્રકારે આશરે ૧૫ જેટલા ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) આજથી આશરે પંદરેક દિવસ અગાઉ સાંજના સમયે એક ભાઈ તથા બહેનને કાલુપુર બ્રિજ ફ્રુટ માર્કેટ ખાતેથી રિક્ષામાં બેસાડેલ અને ડફનાળા સુધીમાં તેઓની બેગમાંથી આશરે ૬,૦૦,૦૦૦/- ની મત્તાના સોનાના દાગીના સાથેનું પર્સની ચોરી કરેલ જે બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૦૧૦૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) આજથી આશરે દોઢેક માસ અગાઉ સવારના સમયે એક ઉંમરલાયક ભાઈને સિવિલ હોસ્પિટલથી રિક્ષામાં બેસાડેલ અને ઈદગાહ ઉતારી દીધેલ તે દરમ્યાન રસ્તામાં તેઓના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૪૦,૦૦૦/- કાઢી લઈ તેઓને અધવચ્ચે રિક્ષામાંથી ઉતારી દીધેલ. જે બાબતે માધુપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૩) આજથી આશરે અઢી માસ અગાઉ સવારના સમયે એક ઉંમરલાયક ભાઈને કાલુપુર મોતીમહલ હોટલથી બેસાડેલ અને રસ્તામાં તેઓના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૧૨૦૦૦/- સાથેના પર્સની ચોરી

કરેલ. જે બાબતે માધવપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૪/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૪) આજથી આશરે ચારેક માસ અગાઉ જીવરાજપર્ક ખાતેથી એક ભાઈ ચાલતા જતા હતા તેઓને સરનામું પુછવાના બહાને નજર ચુકવી તેઓના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૨૦,૬૦૦/- કાઢી લીધેલ. જે બાબતે વેજલપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૨/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૫) આજથી આશરે ચારેક માસ અગાઉ મીરઝાપુર કોર્ટમાંથી એક ભાઈના ખિસામાંથી નજર ચુકવી રોકડા રુપિયા ૯૫૦૦/- સાથેના પાકીટની ચોરી કરેલ. જે બાબતે શાહપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૫/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૬) આજથી આશરે આઠેક માસ અગાઉ અંધજનમંડળ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે પેસેન્જરોની ભીડમાં એક ભાઈના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૬૦૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ. જે બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૭) આજથી અઢી માસ અગાઉ પાલનપુરથી શટલ ગાડીમાં બેસી ડીસા જતા હતા તે વખતે એક પેસેંજરના ખિસામાંથી મોબાઈલ ફોન કાઢી લીધેલ.

(૮) આજથી અઢી માસ અગાઉ પાલનપુર ખાતે એક પેસેન્જર રિક્ષામાંથી એક પેસેંજરના ખિસામાંથી રોકડા રુપિયા ૫૦૦૦/- સાથેનું પાકીટ કાઢી લીધેલ.

(૯) આજથી આશરે બે માસ અગાઉ અડાલજ ચોકડીથી એક ઉંમરલાયક કાકાને રિક્ષામાં બેસાડેલ અને ચાંદખેડા ચાર રસ્તા ઉતારી દીધેલ તે દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૭૦૦૦/- કાઢી લીધેલ.

(૧૦) આજથી આશરે દોઢેક માસ અગાઉ પાલડી ચાર રસ્તાથી એક ૨૫ વર્ષના છોકરાને રિક્ષામાં બેસાડી વાસણા બસ સ્ટેન્ડ સામે ઉતારી દીધેલ અને તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૫૦૦૦/- કાઢી લીધેલ.

(૧૧) આજથી આશરે દોઢેક માસ અગાઉ કાલુપુરથી એક ૩૦ થી ૩૫ વર્ષના ભાઈને રિક્ષામાં બેસાડી લાલ દરવાજ સીદી સૈયદની જાળી સામે ઉતારી દીધેલ અને આ દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૫૦૦૦/- કાઢી લીધેલ.

(૧૨) આજથી આશરે એક માસ અગાઉ પાલડી ચાર રસ્તાથી એક ઉંમરલાયક ભાઈને રિક્ષામાં બેસાડી એલિસબ્રિજ ખાતે ઉપારી દીધેલ અને આ દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૦,૦૦૦/- કાઢી લીધેલ.

(૧૩) આજથી દોઢેક માસ અગાઉ કાલુપુર રેલ્વે સ્ટેશન સામેથી એક ૩૦ થી ૪૦ ની વયના ભાઈને રિક્ષામાં બેસાડી ગીતામંદિર બસ સ્ટેંડ ઉતારી દીધેલ અને આ દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૨૫૦૦૦/- કાઢી લીધેલ.

(૧૪) આજથી આશરે એકાદ માસ અગાઉ એસ.જી.હાઈવે ગુરૂદ્વારાથી આગળ ઝાડ પાસેથી એક ઉંમરલાયક કાકાને રિક્ષામાં બેસાડી ગોતા બ્રિજ નીચે ઉતારી દીધેલ. જે દરમ્યાન તેઓના ખિસામાંથી રૂ.૮૦૦૦૦/- કાઢી લીધેલ.

(૧૫) આશરે એક માસ અગાઉ સાંજના ચારેક વાગ્યાના સુમારે અડાલજ ત્રિમુર્તિ મંદિર પાસેથી એક ઉંમરલાયક કાકાને રિક્ષામાં બેસાડી અડાલજ બાલાપીરની દરગાહ ખાતે ઉતારી દીધેલ અને આ દરમ્યાન તેઓની નજર ચુકવી રૂ.૨૫૦૦/- કાઢી લીધેલ.

(૧૬) આજથી આશરે બે માસ અગાઉ છત્રાલથી એક ભાઈને રિક્ષામાં બેસાડી કડી રોડ અણખોલ ખાતે ઉતારી દીધેલ અને આ દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૭૦૦૦/- કાઢી લીધેલ.

(૧૭) આજથી આશરે એક માસ અગાઉ પાલડી ચાર રસ્તાથી એક ભાઈને પેસેંજર તરીકે રિક્ષામાં બેસાડી ઈંકમટેક્ષ બ્રિજ નીચે ઉપારી દીધેલ અને આ દરમ્યાન તેઓના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૭,૦૦૦/- કાઢી લીધેલ.

## <u>શોધાયેલ ગુન્હાઓ</u>

(૧) શાહીબાગ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૧૦૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪

(૨) માધવપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૩) માધવપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૪/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૪) વેજલપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૨/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯.૧૧૪ મુજબ.

(૫) શાહપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૫/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૬) વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

## <u>આરોપીઓની ગુનો કરવાની પધ્ધતિ</u>

આ આરોપીઓની સઘન પુછપરછ કરતાં તેઓ આવા પ્રકારના ગુનાઓ કરવા માટે એક સી.એન.જી. ઓટોરિક્ષા રાખતા હતા અને અમદાવાદ શહેર તથા અન્ય શહેરોમાં ચોરીઓ કરવાનો પ્લાન બનાવી નીકળતા હતા અને પ્લાન મુજબ આ આરોપીઓ અમદાવાદ શહેર તથા અન્ય શહેરના અલગ અલગ વિસ્તારોમાં નીકળતા અને અન્ય સાગરિતોને પણ સાથે રાખતા જેથી કોઈને શંકા કુશંકા થાય નહિ અને ત્યારબાદ એકલ દોકલ પેસેન્જરને પોતાની રિક્ષામાં બેસાડી દેતા અને રસ્તામાં આ પેસેન્જરને ધક્કા-મુક્કી કરી આડાશ રાખી પેસેન્જરની નજર ચુકવી પેસેન્જરને શક ન જાય તે રીતે મોકો મળેથી પેસેન્જરના થેલા કે બેગમાં રાખેલ સોનાના દાગીના કે કિંમતી સામાન તેમજ રોકડ રકમ તથા પાકીટ જે માલમત્તા મળે તે પેસેન્જરની નજર ચુકવી કાઢી લેતા હતા અને કામ પતી ગયા બાદ અંદરો અંદર એકબીજાને ઇશારો કરી ગમે તે બહાનુ કાઢી પેસેન્જરને અધવચ્ચે રસ્તામાં જ ઉતારી દઈ પોતાની રિક્ષા લઈ નાસી જતા હતા. તેમજ આ આરોપીઓ ભીડભાડવાળી જગ્યાઓમાં જઈ તકનો લાભ ઉઠાવી ધક્કા મુક્કી કરી નજર ચુકવી લોકોનાં પાકીટ તથા મોબાઈલ ફોનની પણ ચોરીઓ કરતા હતા.

આ આરોપીઓએ આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશન :**

## ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૮ (૧૪ પેટી) તથા ઇકકો ગાડી મળી કુલ્લે રૂપિયા ૩,૫૫,૪૦૦/- ના મતાના મુદ્દામાલ સાથે ત્રણ ઇસમોને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબીશન/જુગારની પ્રવૃતિ સહિત અન્ય અસામાજીક પ્રવૃતિઓ સબંધે કાયદેસરની કાર્યવાહિ કરવા સુચના આપવામાં આવતા તેઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.બી.ગોયલ તથા પો.સબ.ઇન્સ.ડી.ડી.ચુડાસમા તથા એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ ૭૫૭૦ તથા અ.હે.કોન્સ.લક્ષ્મણસિહ ગોવીંદસિહ બ.નં-૪૬૦૪ તથા અ.હે.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ દેવેન્દ્રસિંહ બબલસિંહ ૮૬૨૬ તથા અ.પો.કો સુરેશભાઇ ગગુભાઇ બ.નં-૯૭૭૩ તથા અ.પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ નારણભાઇ ૩૧૮૦ તથા અ.પો.કોન્સ હરીસંગ સુરતસંગ ૧૦૦૮૨ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન બ.નં.૧૩૦૨૯ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૦૨૬૩ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ નાઓની ટીમ બનાવી પ્રોહિબીશન/ જુગારની પ્રવૃતિ સહિત અન્ય અસામાજીક પ્રવૃતિઓ સબંધે કાર્યવાહિ કરવા તપાસ હાથ ધરેલ હતી.

આ દરમ્યાન પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી ડી.ડી.ચુડાસમા તથા તેઓની ટીમના માણસો પ્રોહિબીશન/જુગારની પ્રવૃતિ સહિત અન્ય અસામાજીક પ્રવૃતિઓ સબંધે કાર્યવાહિ કરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ નાઓને મળેલ બાતમી હકિકત આધરે આજરોજ તા.૧૦/૨૦/૨૦૨૦ ના રોજ સરખેજ સાણંદ સર્કલ તરફ ઉજાલા સર્કલ તરફ રોંગમાં જતા રોડ પર સાગર એસ્ટેટના નાકા આગળ જાહેર રોડ ઉપર મારૂતી ઇકકો ગાડી નં.GJ-27-CF-9878 માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૭૫૦ મી.લી વિદેશી દારૂ ભરેલ કાચની સીલબંધ બોટલ નંગ-૧૬૮ (૧૪ પેટી) દારૂનો જથ્થો મળી આવતા દારૂનો જથ્થો કિંમત રૂપિયા ૫૦,૪૦૦ /- તથા મોબાઇલ નંગ-03 કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા ઇકકો ગાડીની કિં.રૂ.૩,૦૦,૦૦૦/-મળી કુલ્લે કિં.રૂ.૩,૫૫,૪૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી આરોપીઓને અટક કરી અને ક્વોલિટી કેસની પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## પકડાયેલ આરોપીઓ :-

- (૧)જીગ્નેશ સન/ઓ દત્તારામ શંકરભાઇ મહાડીક ઉવ-૩૫ રહે.પ્રવિણ માસ્ટર ની હરીપુરા,ખોખરા હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર

  (૨)જીગેન સન/ઓ મોહનભાઇ જેઠાભાઇ ચૌહાણ ઉવ-૨૫ રહે.ડી/૩૭ નિગમ સોસાયટી,સ્મ્રુતીમંદીર રોડ,ઘોડાસર વટવા અમદાવાદ શહેર

  (૩)રાજ સન/ઓ અનિલભાઇ રામસ્વરુપ સોની ઉવ-૨૯ રહે.રાધાક્રિષ્ણનગર,સોસાયટી વિભાગ-૨,રામદેવનાં છાપરા,પાણીની ટાંકીની પાસે,શ્મશાનની પાછળ,હાટકેશ્વર ખોખરા અમદાવાદ

## કબજે કરેલ મુદામાલ :-

- (૧)ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ્લે ૧૪ નંગ પેટીમાં કુલ-૧૬૮ બોટલો મળી કુલ્લે ૫૦,૪૦૦/- મતાનો જથ્થો
- (૨)મોબાઇલ નંગ-3 ની કુલ કિં.રૂ.૫,૦૦૦/-
- (૩)મારૂતી ઇકકો ગાડી નં.GJ-27-CF-9878 જેની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-ગણી શકાય તમામ મુદામાલની કુલ્લે કિં.રૂ.૩,૫૫,૪૦૦/- ની મતાના મુદામાલ



# " SHE TEAM " ની કામગીરીની વિગત

## રિવર ફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન :-

તા.૧૦/૦૨/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશનની શી ટીમ ચિલ્ડ્રન પાર્કથી આંબેડકરબ્રિજ સુધી પેટ્રોલીંગમાં હતા સરદારબ્રિજ અને એલીસબ્રીજ વચ્ચે આવેલ વોક-વે નદીમાં આત્મહત્યા કરવાના ઇરાદાથી વચ્ચે જઈને બેસી ગયેલ એક પુરૂષ શી ટીમને નજરે પડતા શી ટીમ ત્યા પહોચી સમજવવા છતાં તેઓ બહાર નીકળતા ના હોય રેસ્ક્યુ બોટને જાણ કરી તેઓને રેસ્ક્યુ બોટ દ્વારા બહાર કાઢ્યા હતા. તેમની પૂછપરછ કરતા તેઓ તેમનું નામ વાલજીભાઈ આર.પરમાર (ઉ.વ.૫૫) (રહે. ગરીબ આવાસ યોજના બિગબજાર પાછળ રાયપુર દરવાજા) જણાવેલ અને ત્યારબાદ તેઓને વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા.





**આનંદનગર** પોલીસ સ્ટેશનના શી ટીમે તપન હોસ્પીટલ તેમજ પારેખ્સ હોસ્પીટલમાં વીઝીટ કરી તથા વિસ્તારમાં પેટ્રોલીંગ કર્યું. **મેઘાણીનગર** પોલીસ સ્ટેશનની શી ટીમે સિનિયર સિટીઝન નાઓની મુલાકાત કરી તેમને પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરી તેમજ મેઘાણીનગર શાક માર્કેટ વિસ્તારમાં વોચ રાખી પેટ્રોલિંગ કર્યુ હતુ. **કારંજ** પોલીસ સ્ટેશનની શી ટીમે સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા સુધી સીટી કોલેજ, સરદારબાગ, ભદ્ર મંદિર,ખાસ બજાર ચોકી, ત્રણ દરવાજા સુધી ફુટ પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ અને બપોરના ૪/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધી આઈ.પી.મીશન સ્કુલ, અખંડાનંદ સર્કલ,એ.એમ.ટી.એસ સ્ટેન્ડ, બહુચર માતાના મંદિર, જીલ્લા પંચાયત, સુધી ફુટ પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરી હતી. **મણીનગર** પોલીસ સ્ટેશનની "શી" ટીમ દ્વારા સ્વામિનારાયણ સ્કૂલ ની આશરે ૧૫૦ થી ૨૦૦ વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી.






## ગુના નિવારણ શાખાઃ-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૦.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી શરીર સબંધી  મિલક્ત સબંધી પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

અમદાવાદ શહેરના કાલુપુર તથા ગા.હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકોને ધંધાકીય વિશ્વાસમાં લઈ જઈ ફરીયાદીની પેઢીનુ સોનુ સોનાના દાગીના બનાવવા લઈ જઈ સોનાના દાગીના કે સોનુ પરત નહી આપી ફરીયાદી સાથે ઠગાઈ વિશ્વાસઘાત કરનાર તથા લોકોના ફલેટમા પ્રવેશી તિજોરીનુ લોક ખોલી સોનાના દાગીના તથા રોકડા નાણાની ચોરી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે તુહીન સરાફતભાઈ મલીક રહેવાસી- ઉમદાદ હાઉસ અવનિંદા ફલેટની સામે મદીના મસ્જીદની બાજુમા સાળવીની પોળ મોહમદ ઈમદાદ શેખના મકાનમા જમાલાપુર અમદાવાદ મુળ રહેવાસી- ગામ ઉધ્ધંગ કાજીપાડા ફ્ળીયુ ફતેહપુરા પાસે તા- આમટા જિ- હાવડા વેસ્ટ બંગાળ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.



તુહીન સરાફતભાઈ મલીક રહેવાસી- ઉમદાદ હાઉસ અવનિંદા ફલેટની સામે મદીના મસ્જીદની બાજુમા સાળવીની પોળ મોહમદ ઈમદાદ શેખના મકાનમા જમાલાપુર અમદાવાદ મુળ રહેવાસી- ગામ ઉધ્ધંગ કાજીપાડા ફ્ળીયુ ફતેહપુરા પાસે તા- આમટા જિ- હાવડા વેસ્ટ બંગાળ

અમદાવાદ શહેરના શહેરકોટડા તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા એક્ટીવા ઉપર આવી ફરીયાદીની નજર ચુકવી ખિસ્સામાથી મો.ફોનની ચોરી કરી લઈ લઈ જનાર લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો તકરાર કરનાર અને તલવાર વડે લોકો ઈજા કરનાર અને માથાભારે અને ઝનુની ઈસમ નામે સલમાન ઉર્ફે પીટોના શેરઅલી હાસમી રહેવાસી-અક્બરનગરના છાપરા એસ.પી.ઓફિસની પાછળ ગરીબનગર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- પિંડરાબજાર વારાણસી તા.અસીલા જિ.બનારસ યુ.પી. વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.



સલમાન ઉર્ફે પીટોના શેરઅલી હાસમી રહેવાસી-અક્બરનગરના છાપરા એસ.પી.ઓફિસની પાછળ ગરીબનગર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- પિંડરાબજાર વારાણસી તા.અસીલા જિ.બનારસ યુ.પી.

અમદાવાદ શહેરના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત સાથે મળી કાંકરીખાડ ખાતેથી ગે.કા. વગર પાસ પરમીટનો દેશીદારુ નો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગે.કા.વગર પાસ પરમીટના દેશી દારુનુ વેચાણ કરી એકબીજાના મેળાપીપણામા ગે.કા. વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાની હેરાફેરી કરનાર ઈસમ નામે  વિજયભાઈ ઉર્ફે બોબડો પુનમભાઈ ખોડાભાઈ પટણી રહેવાસી- પંડીતની ચાલી ભગવતીનગર મીઠાપાણીનાદરવાજા સામે સરસપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | વિજયભાઈ ઉર્ફે બોબડો પુનમભાઈ ખોડાભાઈ પટણી રહેવાસી- પંડીતની ચાલી ભગવતીનગર મીઠાપાણીનાદરવાજા સામે સરસપુર અમદાવાદ શહેર |

આ ઉપરાંત મિલક્ત સબંધી તથા પ્રોહીબીશનના ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૨** ઇસમ મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત તથા વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.